# પૂજ્ય લાલચંદભાઈના પ્રવચનો
# પ્રવચન નં. LA ૩૪૩
# સમયસાર ગાથા ૩૭૩-૩૮૨, ઉત્તમ આર્જવ ધર્મ
# તા. ૧૫-૯-૧૯૯૧ જામનગર મંદિર, ગુજરાત

આજે પર્યુષણ પર્વાધિરાજ માંગલિક દિવસનો ઉત્તમ આર્જવધર્મનો દિવસ છે. **આજે દસલક્ષણ પર્વનો ત્રીજો દિવસ છે; આજે 'ઉત્તમ આર્જવધર્મ'નો દિવસ કહેવાય છે. ઉત્તમ આર્જવ એટલે સમ્યગ્દર્શનપૂર્વકની વીતરાગી સરળતા.** એ શ્રીમદ્જીએ પણ કહ્યું છે મધ્યસ્થતા, કષાયની મંદતા, સરળતા, જીતેન્દ્રિયપણું, એમાં જે સરળતા કહ્યું છે, એ આ સરળતા છે. સામાન્ય સરળતા તો અનંતવાર જીવને આવી, સ્વર્ગમાં ગયો. એકવાર જો આ સમ્યગ્દર્શનપૂર્વકની સરળતા આવે તો ચારિત્ર અંગીકાર થઇ જાય છે, આહાહા! વીતરાગી સરળતા!

**આત્માના જ્ઞાયક સ્વરૂપમાં કપટનો ભાવ જ ઉત્પન્ન થવા ન દેવો**. ઉપદેશ બોધમાં તો એમ જ આવેને? બાકી ઉત્પન્ન થવાનો ન જ હોય ત્યારે એનો કાળ ઉત્પન થતો જ નથી. થવા યોગ્ય થાય છે પણ ઉપદેશ બોધમાં એમ હોય. **કપટનો ભાવ જ ઉત્પન્ન થવા ન દેવો તે ઉત્તમ સરળતા છે**. **આત્મા જ્ઞાન-આનંદની મૂર્તિ, ક્રોધ-માન-માયા-લોભ રહિત છે**. ત્રણે કાળ રહિત છે, છે ત્યારે રહિત છે. પર્યાયમાં ક્રોધ થાય છે ત્યારે જીવ તત્ત્વ આસ્રવથી સર્વથા ભિન્ન છે.

**તેને જેવો છે તેવો સમજવો અને શ્રદ્ધામાં વક્રતા ન કરવી,** ઊંધાઇ ન કરવી, આડોળાઇ ન કરવી. **તે સમ્યગ્દર્શનરૂપ સરળતા છે**. **અને ચૈતન્યસ્વરૂપને જેમ છે તેમ ન માનતા, સ્વરૂપની આડાઇ કરીને પુણ્ય-પાપવાળું માનવું**. આત્મા પુણ્ય-પાપવાળો નથી, છતાં માનવો એ એની આડોળાઇ છે, અજ્ઞાનતા છે. એવું આત્માનું સ્વરૂપ નથી. અજ્ઞાની માને છે એવું આત્માનું સ્વરૂપ નથી. સર્વજ્ઞ ભગવાન કેવળજ્ઞાનમાં જાણે છે એવું આત્માનું સ્વરૂપ છે, અને સંતો અનુભવે છે એવું આત્માનું સ્વરૂપ છે. પ્રફુલ્લભાઇ અહીંયા કેમ બેઠા? આવો ને અહીંયા. આગળ આવો. આચાર્ય ભગવાન કહે છે આવો-આવો અહીંયાં. અહીં જગ્યા છે, આવો.

શું કહે છે? સંતો શું કહે છે? કે કપટનો ભાવ છોડી દે. કપટ એટલે શું? કે આત્મા શુભાશુભભાવથી રહિત છે. પુણ્ય-પાપથી રિહત છે. છતાં માને કે મારો આત્મા પુણ્યશાળી છે. એ કપટના ખેલ છે બધા. પુણ્ય અને પુણ્યના ફળ આત્મામાં નથી. ત્રંબકભાઇ હસે છે. જ્ઞાનીઓને ક્યાં કાંઇ ફાળો કરવો છે કોઇની પાસે? નગ્ન દિગંબર મુનિ! હેં? આહાહા! નાગા બાદશાહથી પણ આઘા, એમ કહેવત છે ને? આહાહા! કહે છે કે આ કુળ-કપટના ભાવ છોડી દે.

હું કર્મવાળો છું અને હું ફેક્ટરીવાળો છું અને હું મોટી જમનીવાળો છું અને હું મિલવાળો છું. આહાહા! ગુરુદેવ કહેતા કે કેટલા વાળા? એક વાળો નીકળી તો દુ:ખનો પાર નહીં. અગાઉના કાળમાં વાળા બહુ નીકળતા હતા. હવે કટેલા વાળા? આ વાળો, આ વાળો, આ વાળો, આ વાળો, આહાહા! રહેવા દે ને? કુળ-કપટના ખેલ છોડી દે? હું તો જ્ઞાનમય આત્મા છું. આહાહા! મારામાં

પુણ્ય-પાપના ભાવો નથી. પુણ્ય-પાપથી ભિન્ન છે મારો આત્મા, અનાદિ અનંત. હું તો જ્ઞાનાનંદ આત્મા છું. એમ લે ને? કપટના ખેલ કરીને ચાર ગતિમાં દુ:ખી થઇશ.

**તેમ ન માનતાં સ્વરૂપની આડાઇ કરીને પુણ્ય-પાપવાળું માનવું**. પુણ્ય-પાપ ભલે હો, પણ એ વાળો હું છું એમ નહીં, એનાથી રહિત હું છું એમ માનવું. જ્ઞાનથી સહિત અને પુણ્યથી રહિત છું, એમ જાણ ને માન ને! આહાહા! **પુણ્ય-પાપવાળો માનવું એ અનંત કપટ છે**. વિશેષણ મૂકયું કપટની આગળ. આ કપટના ખેલ કર્યા છે અનંતકાળથી, આહાહા! એ માયા કપટના ખેલથી એને તિર્યંચ પર્યાય આવે છે, આહાહા! **કોઇ પરના સંગથી કે પુણ્ય પરિણામથી આત્માને લાભ માનવો તે વક્રતા છે**, આડોળાઇ છે. **અનાર્યતા છે**, અનાર્યપણું છે. તો આ ભરતક્ષેત્ર તો આર્યની ભૂમિ છે. આર્યની ભૂમિ સાચી, પણ પુણ્યવાળો માને તો એ અનાર્ય છે જીવ, આર્ય નથી. આહાહા! સરળતા નથી, વીતરાગી સરળતા નથી.

સામાન્ય સરળતા હોય એ પુણ્યબંધનું કારણ, આ વીતરાગી સરળતા મોક્ષનું કારણ છે. અહીંયાં તો મોક્ષ થવાની વાત ચાલે છે. પુણ્ય થાય ને સ્વર્ગમાં જાય એ વાત અહીંયાં નથી. એ દુકાન બીજી, એ દુકાન બીજી. આ તો વીતરાગની ગાદી છે. **તે અનંત કપટ છે**. **કોઇ પરના સંગથી કે પુણ્ય પરિણામથી આત્માને લાભ માનવો તે વક્રતા છે, અનાર્યતા છે. આર્ય એટલે સરળ, જેવું સહજ જ્ઞાયકમૂર્તિ આત્મસ્વરૂપ છે તેવું જ** જાણવું અને **માનવું, જરાય વિપરીત ન માનવું તે સરળતા છે.** સરળતાની વ્યાખ્યા પણ જુદી. અજ્ઞાની સરળતાની વ્યાખ્યા કરે એ જુદી અને જ્ઞાનીની (સરળતાની) વ્યાખ્યા જુદી હોય.

**અને ચૈતન્યસ્વરૂપની સમજણમાં આડાઇ કરીને કોઇ વિકલ્પ કે વ્યવહારના આશ્રયે લાભ માનવો તે અનાર્યપણું છે.** શુભભાવથી ધરમ માનવો તે અનાર્યપણું છે, આહાહા! તો-તો બધો વ્યવહારનો લોપ થઇ જશે. વ્યવહારનો લોપ તો કરવા જેવો જ છે. તું પરમાત્મા થઇ જાઇશ! આહાહા! વ્યવહારના લોપે સ્વચ્છંદી નહીં થાય. જ્યાં દૃષ્ટિમાં આત્મા લીધો અને વીતરાગી સરળતા પ્રગટી, ત્યાં અલ્પકાળમાં એને મોક્ષની પર્યાય પ્રગટ થાય છે. પહેલા સમ્યગ્દર્શન. **ચૈતન્યસ્વરૂપની સમજણમાં આડાઇ કરીને કોઇ વિકલ્પ કે વ્યવહારના આશ્રયે લાભ માનવો તે અનાર્યતા છે.**

**વ્યવહારરત્નત્રય પણ રાગરૂપ છે**. વ્યવહારરત્નત્રયના પરિણામ સાધકને જ હોય. મિથ્યાદૃષ્ટિને વ્યવહાર રત્નત્રયના પરિણામ તો હોય જ નહીં. પણ સાધકના વ્યવહારરત્નત્રયના પરિણામ પણ બંધનું કારણ છે. નિશ્ચયરત્નત્રયના પરિણામ મોક્ષનું કારણ છે. નિશ્ચયરત્નત્રયના પરિણામ આત્માશ્રિત છે અને વ્યવહારરત્નત્રય પરાશ્રિત છે. આત્માશ્રિત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ જે અભેદ થાય એ નિશ્ચય મોક્ષનો માર્ગ છે. પણ કેવળજ્ઞાન પૂરું ન થાય, ત્યાં સુધી વચ્ચે, આ પ્રકારનું બાધક તત્ત્વ, વ્યવહાર રત્નત્રયના પરિણામ, આવે છે. શાસ્ત્રનું જ્ઞાન, દેવ-ગુરુ-શાસ્ત્રનું શ્રદ્ધાન, નવતત્ત્વનું શ્રદ્ધાન, એવા બધા ભાવો-શુભરાગ આવે છે પણ એ બંધનું કારણ છે. એ મોક્ષનું કારણ નથી. સાધકને પણ (મોક્ષનું કારણ) નથી. આહાહા!

**વ્યવહારરત્નત્રય પણ રાગ છે, તે આત્માનું સ્વરૂપ નથી**, પ્રભુ! આહાહા! **આત્માનું જ્ઞાયક સ્વરૂપ**, જીવતત્ત્વનું સ્વરૂપ **પુણ્ય-પાપ રહિત છે.** સહિત માને છે એ અનાદિના કપટને

ખેલ છે બધા. **વ્યવહારરત્નત્રયરૂપ પરાશ્રિતભાવથી તેને લાભ માનવો તે અનંત કપટનું સેવન છે.** તે કપટ સેવે છે. વ્યવહારરત્નત્રયના ભાવ હોય, એ જુદી વાત પણ એનાથી મોક્ષમાર્ગ માનવો, એનાથી મોક્ષ માનવો એ જ મિથ્યાત્વ છે. વ્યવહારરત્નત્રયના પરિણામનું અસ્તિત્વ તે મિથ્યાત્વનું કારણ નથી, એ તો સાધકને હોય છે, હેય બુદ્ધિએ આવે છે. આહાહા! એને ઇન્દ્રિયજ્ઞાન જાણે છે અને આત્માને આત્માનું જ્ઞાન જાણે છે, એવી કાર્યસ્થિતિ ચાલુ હોય છે.

**વ્યવહારરત્નત્રય પરાશ્રિતભાવથી તેને લાભ માનવો (તે અનંત કપટનું સેવન છે). અને તે વ્યવહારનો આશ્રય છોડીને,** એટલે રાગનું લક્ષ છોડીને, આશ્રય છોડીને એટલે લક્ષ છોડીને, **નિશ્ચય શુદ્ધ જ્ઞાતાસ્વભાવને જાણવો-માનવો**. જાણનારને જાણવો અને જાણનાર છું એમ માનવું. જાણનારને જાણવો અને જાણેલાનું શ્રદ્ધાન કરવું કે જાણવામાં આવ્યો તે જ હું છું એમ પ્રતીતમાં લે. **અને તેમાં સ્થિર થવું** તેનું નામ ચારિત્ર છે. **તે ઉત્તમ આર્જવધર્મ છે**.

**સ્વભાવથી શ્રદ્ધા અને જ્ઞાન થયા પછી મુનિદશામાં જે વ્યવહારરત્નત્રયની વૃત્તિ ઊઠે તે રાગ છે,** આહાહા! પાંચ મહાવ્રતના પરિણામ બંધનું કારણ છે. એ ઉદયના સંગથી આ ઔદયિકભાવ થાય છે. એ સંવર-નિર્જરા તત્ત્વ નથી. એ બંધ તત્ત્વ છે, એ આસ્રવ તત્ત્વ છે. **તે કાંઇ ઉત્તમ આર્જવધર્મ નથી**, વ્યવહારરત્નત્રયના પરિણામ. **પણ રાગ રહિત થઇને જેટલો સ્વરૂપમાં ઠર્યો, સ્થિર થયો એટલો ઉત્તમઆર્જવ ધર્મ છે**. વીતરાગી પરિણામને ધર્મ કહેવામાં આવે છે. રાગ ધર્મ નથી, સાધકને વ્યવહાર ધર્મ કહેવાય પણ નિશ્ચયથી સાધકને પણ એ અધર્મ ભાવ છે. સ્વભાવથી વિરુદ્ધભાવ તે અધર્મ કહેવામાં આવે છે. સ્વભાવની સાથે અણમળતો ભાવ છે રાગ, માટે ધર્મ નથી. સ્વભાવથી વિરુદ્ધ છે, માટે અધર્મ છે, ધર્મ નહીં.

**ઉત્તમ આર્જવ ધર્મ છે**. **ખરેખર તો આત્માના વીતરાગ ભાવમાં જ** એક વીતરાગી પર્યાય પ્રગટ થાય, એમાં **ઉત્તમ ક્ષમાદિ દશે ધર્મો આવી જાય છે**. એ તો પૂર્વ પર્યાયની અપેક્ષાએ એના દશ ભેદ છે. બાકી વીતરાગી પર્યાય તો એક જ છે, એમાં દશે ધર્મ સમાઇ જાય છે. **આવી જાય છે, દશે ધર્મોમાં વીતરાગીભાવ એક જ પ્રકારનો છે**. વીતરાગ ભાવનો પ્રકાર એક જ છે. **પણ તે વીતરાગભાવ થયા પહેલા** પૂર્વ પર્યાયમાં **ક્ષમાદિ જે** શુભભાવ હતો ને? શુભભાવની ક્ષમા. **જે જાતનો વિકલ્પ હોય તે અનુસાર ઉત્તમ ક્ષમાધર્મ વગેરે નામથી તે વીતરાગભાવને ઓળખવામાં આવે છે.**

પૂર્વ ક્ષમાનો ભાવ હતો, એનો અભાવ થઇ અને વીતરાગી પર્યાય પ્રગટ થઇ, તો તેને ઉત્તમ ક્ષમા કહેવામાં આવે છે. **અને તે શુભવિકલ્પને ઉપચારથી ઉત્તમ ક્ષમાદિધર્મ કહેવામાં આવે છે. આચાર્યદેવ ઉત્તમ આર્જવધર્મનું** આ પ્રકારે **વર્ણન કરે છે**. આ ગુરુદેવનું વ્યાખ્યાન છપાઇ ગયા છે દશ લક્ષણ પર્વ ઉપર. બહુ અદ્ભૂત છે, આહાહા! આની લાણી પણ કરવા જેવી છે એવા વ્યાખ્યાન છે દશ લક્ષણ પર્વના.

હવે, એ ચારિત્ર દશા પ્રગટ થવાની વાત, મુનિરાજની દશધર્મની કરી. મુખ્યપણે તો એ દશ લક્ષણો જે છે, ધર્મો, એ મુનિરાજની દશાની વાત છે, ચારિત્રના ભેદ છે. એ આવી ગયું કાલે. જઘન્યપણે તો, પંચમ ગુણસ્થાન અને ચોથા ગુણસ્થાનવર્તીને પણ અંશે ક્ષમાદિ દશધર્મ પ્રગટ થઇ

ગયા છે. એને વીતરાગી દશા છે પર્યાયમાં. અનંતાઅનુબંધીના કષાય, એના અભાવપૂર્વક અંશે સ્થિરતા, વીતરાગી પર્યાય છે, તો એમાં દશે ધર્મ સમાયેલા છે, પણ જઘન્ય છે. અને શ્રાવકને મધ્યમ અને મુનિરાજને ઉત્કૃષ્ટ ધર્મો હોય છે.

હવે ચારિત્રનું કારણ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વગર કોઇ કાળે, કોઇ પણ જીવને, ચારિત્ર એટલે લીનતાના પરિણામ પ્રગટ થતા નથી. એ સમ્યગ્દર્શન કેમ પ્રગટ થાય? એ સમ્યગ્દર્શન પ્રગટ થવામાં અનાકિાળથી જીવની બે ભૂલ છે. અનાદિકાળથી જીવની બે જ ભૂલ છે, બે જ. એ બે ભૂલોનો પેટા વિસ્તાર કરો તો શાસ્ત્રો ભરાય. પણ એને સંક્ષેપવામાં આવે તો સમ્યગ્દર્શન ન થવાનું કારણ બે ભૂલ છે. એમાં આ દશ ગાથામાં, બીજા નંબરની ભૂલનું વ્યાખ્યાન છે. પહેલા નંબરની ભૂલ કર્તાકર્મ અધિકારમાં બતાવી ગયા છે.

બે ભૂલ કઇ? એક તો રાગાદિ જે પરિણામ થાય એ થવા યોગ્ય થાય છે. આત્મા કરે છે માટે થાય છે, એમ છે નહીં. ત્યારે શું આત્મા રાગને કરતો નથી? આત્મા જ્ઞાનને કરે કે રાગને કરે? આત્મા તો જ્ઞાનને કરતો પરિણમે છે અનાદિથી. પોતાને જાણવારૂપે પરિણમે છે, બાળ ગોપાળ સહુને. તો એને ભૂલીને દૃષ્ટિ રાગ ઉપર હોવાથી, રાગનો પ્રતિભાસ દેખીને હું રાગને કરું છું, એમ અનાદિકાળથી અજ્ઞાનદશામાં અજ્ઞાનીને રાગનું કર્તાપણું ભાસયું છે. છતાં અકર્તા તો અકર્તાપણું છોડીને કર્તા થતો નથી. વિશેષ અપેક્ષાએ એ કર્તા થયો છે, સામાન્ય અપેક્ષાએ અકર્તા રહીને.

શું કહ્યું આ? કે જીવતત્ત્વ સામાન્ય છે. બધાની પાસે સામાન્ય ને વિશેષ, બે પડખાં છે. શરૂઆતમાં અહીંયાં હું આવ્યો ત્યારે આ સામાન્ય-વિશેષના બે પડખાંની વાત કરી હતી. આહાહા! શરૂઆતમાં જ. એક સામાન્ય પડખું છે જેને જીવતત્ત્વ કહેવામાં આવે છે. જેને પરમાત્મતત્ત્વ કહેવામાં આવે છે. જેને અંત:તત્ત્વ કહેવામાં આવે છે. જે શુદ્ધાત્મા ઉપાદેય તત્ત્વ છે. એ તો ત્રણે કાળ શુદ્ધ, શુદ્ધ અને શુદ્ધ, પરિપૂર્ણ પરમાત્મા છે. કર્મનો સંબંધ થયો નથી. એને રાગનો સંબંધ થયો નથી. તેથી આત્મા અકારક, અવેદક, અકર્તાપણે રહ્યો છે. પૂર્વે રહ્યો હતો, વર્તમાન રહ્યો છે અને ભાવિકાળે પણ રહેશે. એના સ્વરૂપને છોડશે નહીં. નિજભાવને છોડે નહીં અકર્તાને, અને અકર્તા કર્તા થાય નહીં. ધ્યાનમાં રાખજો આ.

બે ભૂલની વાત ચાલે છે. અહીંયા બીજા પ્રકારની ભૂલ આવશે પણ પહેલા પ્રકારની ભૂલનું પહેલા સ્પ્ટીકરણ કરવામાં આવે છે. આત્મા જ્ઞાતા હોવા છતાં કર્તા માને છે. આત્મા જ્ઞાતા હોવા છતાં રાગાદિનો હું કર્તા છું અને રાગ મારું કર્મ છે, એ કર્તાબુદ્ધિની ભૂલ છે પહેલી. છે જ્ઞાતા અને માને કર્તા. એ કર્તા માને છે તો પણ એ સામાન્ય પડખું અકર્તાનું છે. એ અકર્તાને છોડીને, જ્ઞાયકને છોડીને એ રાગનો કર્તા થતો નથી.

ત્રિકાળી દ્રવ્ય નિષ્ક્રિય છે અને રાગમાં પ્રવેશ કરતો નથી. રાગને કેમ કરતો નથી? કે 'तद्रूपो न भवति, એ પુણ્ય-પાપરૂપે આત્મા થતો નથી. માટે પુણ્ય-પાપનો આત્મા ત્રણે કાળ, એક સમય માત્ર પણ એ કર્તા બની શકતો નથી. અકર્તા રહ્યો છે. અકર્તાપણું છોડે તો કર્તા થાય પણ અકર્તાપણું છોડતો નથી. પણ જેને હું અકર્તા જ્ઞાયક જ્ઞાતા છું એવા સ્વભાવને ભૂલી જાય છે. સમયે-સમયે, અને પરિણામમાં રાગાદિ દેખીને રાગાદિની ક્રિયા ષટ્કારક એ પરિણામમાં થાય છે. ક્રિયાના કારક

પરિણામમાં છે. નિષ્ક્રિયના કારક આત્મામાં છે. આહાહા! આત્મા ત્રણેકાળ નિષ્ક્રિય ક્રિયાથી, બંધ-મોક્ષની ક્રિયાથી રહિત છે.

એ આત્માને ભૂલે ત્યારે એની પર્યાયમાં જે રાગાદિ થાય છે. એને હું કરું છું એવી એક અજ્ઞાની કલ્પના કરે છે તેથી તે વિશેષ અપેક્ષાએ કદાચિત્ કર્તા થાય છે. કથંચિત્ નહીં. કથંચિત્ કહેશો તો કાયમ રહી જશે અને કદાચિત્ લેશો તો સમય પૂરતું રહેશે. બીજા સમયે રાગનો અકર્તા પૂરો થઇ જશે. કથનંચિત્ ને કદાચિતમાં મોટો ફેર છે. આહાહા! રમેશ ક્યાં ગયો? રમેશ ભૈયા! આહાહા! કદાચિત્ અને કથંચિત્ માં મોટો ફેર, તફાવત છે. આહાહા! એમ તો એ શાસ્ત્રી અને મોટા પંડિત કહેવાય પણ અમારી પાસે તો બાળક જ છે ને? આહાહા!

શું કહ્યું? પ્રભુ! સાંભળ. રાગનો કર્તા વિશેષ અપેક્ષાએ થાય છે. સામાન્ય અપેક્ષાએ અકર્તા રહીને વિશેષ અપેક્ષાએ કર્તા થાય છે. હું કર્તા છું એમ એને પ્રતિભાસે. તે અપેક્ષાએ વિશેષ અપેક્ષાએ કર્તા અજ્ઞાની થયો છે રાગનો. આહાહા! કહે છે એ પણ કદાચિત્ છે. કદાચિત્ એટલે કોઇ વખતે રાગનો કર્તા થાય. ત્રણે કાળ રાગનો કર્તા થાય એવું ત્રણે કાળ અજ્ઞાન ઉત્પન્ન થાય એવો પર્યાયનો ધરમ નથી. દ્રવ્યનો ધર્મ તો અજ્ઞાની થવાનો નથી.

પ્રકાશ, અહીંયા જામનગરમાં તત્ત્વના પકડનારા છે. એટલે તો થોડું આકર્ષણ રહે છે. શું કહ્યું? કથંચિત્ કર્તા છે તો-તો એ વ્યવહારનયે કર્તા ત્રણેકાળ લાગુ પડી જાય, પણ કદાચિત્ કર્તા છે, કોઇ વખતે. કદાચિત્નો અર્થ કોઇ વખતે. ક્યાં સુધી? કે જ્યાં સુધી ભેદજ્ઞાનનો અભાવ હોય અને રાગને પોતાનું માને ત્યાં સુધી એક સમય પૂરતો કદાચિત્ કર્તા છે. બીજા સમયે તો અકર્તા થઇ જાય છે. કર્તાપણું પર્યાયમાં પણ રાગનું અનાદિઅનંત નથી. અનાદિસાંત છે. ખરેખર તો સાદિસાંત છે. અનાદિ કહેવું એ પણ એક પ્રકારનો વ્યવહાર છે.

સાદિસાંત એટલે જે સમયે સ્વભાવને ભૂલે અને રાગને પોતાનું માને તે સમયે કદાચિત્ તે, તે સમયે કોઇ વખતે, એ રાગનો કર્તા છું એમ એને ભાસે છે. એ એનું અજ્ઞાન છે. બીજા સમયે અરે! હું તો જ્ઞાતા છું. હું રાગનો કર્તા નથી. ત્યારે એક પ્રશ્ન થાય કે રાગ થાય છે ત્યારે અકર્તા બને? કે હા. એ કેવી રીતે? રાગ પર્યાયમાં થાય ત્યારે આત્મા અકર્તા થઇ જાય. એ કેવી રીતે? આહાહા! કે જ્યારે રાગ થાય છે ત્યારે દૃષ્ટિ ફરી જાય છે અને જ્ઞાયક ઉપર આવે છે. અકર્તાને લક્ષમાં લીધો, કર્તાબુદ્ધિ છૂટી જાય છે અને રાગ રહ્યા કરે છે.

તો રાગનો કર્તા પરિણામનો કર્તા પરિણામ છે. હું કર્તા છું નહીં. એવું ભેદજ્ઞાન થઇને અનુભવ થઇ જાય છે. રાગ રહી જાય, કર્તાબુદ્ધિ મટી જાય અને જ્ઞાયકના લક્ષે સમ્યગ્દૃષ્ટિ થઇ જાય. અદ્ભૂત ચમત્કારિક વાત ગુરુદેવ કરી ગયા છે. આ બધું ગુરુદેવ કહી ગયા છે એનું સ્પષ્ટીકરણ ચાલે છે. કે એક તો એની કર્તાબુદ્ધિની ભૂલ છે કે હું રાગને કરું છું. રાગને કરું છું એ ભૂલ છે. એનાથી આગળ જઇને હું આ દુકાનના વેપાર કરું છું અને આ જમીનના વેપાર કરું છું અને મારા પુરુષાર્થથી પૈસા કમાવું છું, એ બધી કલ્પના છે. અજ્ઞાનતા છે. આહાહા! એમ છે નહીં.

પૈસો પુણ્યથી આવે. એ પુણ્ય પણ નિમિત્ત છે. બાકી પૈસાની ક્ષણિક ઉપાદાનની પર્યાય આવવાની હોય તો આવે અને જવાની હોય તો જાય. જાય ત્યારે પાપ નિમિત્ત કહેવાય અને આવે

ત્યારે પુણ્ય નિમિત્ત કહેવાય, પણ નિમિતથી નિરપેક્ષ જો તો તત્ સમયની પર્યાય, પરમાણુની આવવાની હોય તો આવે અને જવાની હોય તો જાય. આહાહા! પણ જગતના જીવોને નિમિત્તથી સમજાવવામાં આવે છે. બાકી નિમિત્તથી કાંઇ પૈસો આવતો નથી. પુણ્યના ઉદયથી પૈસો નથી આવતો.

આ ક્યાં સુધી તમારે કાઢી નાખવું છે? કે બધું બાદબાકી કરતાં જે રહે તે આત્મા છે. શ્રીમદ્જીએ કહ્યું હતું બાદબાકી કરતાં જે કચરો નીકળી જાય, ત્યારે જે શુદ્ધાત્મા છે એ આત્મા છે. મધુભાઇ! આવું છે. પુરુષાર્થથી તો પૈસો આવે નહીં. પ્રફુલ્લભાઇ! પુરુષાર્થથી તો આવે નહીં પણ પુણ્યથી પણ ન આવે. એનો સ્વકાળ છે પરમાણુનો, એ ક્ષેત્રથી ક્ષેત્રાંતર થઇને બીજા ક્ષેત્રમાં હતો પરમાણુ, આ ક્ષેત્રમાં આવ્યો એમાં તને શું લાભ મળ્યો? આહાહા!

એ તો સમજાવવામાં આવે છે કે પુણ્યના નિમિત્તથી થાય. એમાં પુણ્યના નિમિત્તથી થાય આવે, એમાં પુણ્યના કર્તાબુદ્ધિ થઇ જશે. માટે પુણ્યથી નિરપેક્ષ પરમાણુ આવવાના હોય તો આવે અને જવાના હોય તો જાય. પરમાણુને નિરપેક્ષ જો તું. પુણ્ય સાપેક્ષ ન જો! આહાહા! પુણ્યથી આવે તો આપણે પુણ્ય કરીએ તો આવે પૈસો એમ એમાં બુદ્ધિ થઇ જાય. ક્યાં ગયો વિમલ, આહાહા! એ બહુ હોંશિયાર છે ને! કારખાનું ચલાવે છે. આહાહા! એ તો અજ્ઞાન છે. હું ચલાવું, માને તો અજ્ઞાન છે. કોણ ચલાવે?

અરે! એક સડેલા તરણાના બે કટકા કરવાની શક્તિ પણ આત્મામાં નથી. શ્રીમદ્ રાજચંદ્રજી એકાવતારી પુરુષ થઇ ગયા છે. આહાહા! અહીં ફોટો છે. એ તેઓ શ્રીએ કહ્યું, એક સડેલું તરણું હોં! ઓલું પાંદડું લીલું હોયને એને તો વાર લાગે. આમ આતો અડે ત્યાં તૂટી જાય, પણ એ તોડતો નથી. હવે સડેલું તરણું કરવાની શક્તિ તારામાં નથી, પરનું કરવા માટે તું નપુંસક છો આહાહા! સાંભળ ને! તારામાં શક્તિ નથી. આને આમ કરી દઉં અને આને આમ કરી દઉં અને તેને તેમ કરી દઉં. અરે ભગવાન! ક્યાં તું વયો ગયો બહાર? અરે! પરિણામથી બહાર ગયો, પ્રમાણની બહાર ગયો! આહાહા!

કહે છે કે કર્તાબુદિદ્ધની મોટી એક ભૂલ છે. ભૂત વળગ્યું છે. 'હું કરું હું કરું એ જ અજ્ઞાનતા શકટનો ભાર જેમ શ્વાન તાણે'. અન્યમતિ થઇ ગયા છે, એ તો ઇશ્વરના કર્તાવાદી છે. પણ આપણે તો દૃષ્ટાંત લઇએ છીએ, 'હું કરું હું કરું એ જ અજ્ઞાનતા શકટનો ભાર જેમ શ્વાન તાણે'. ગાડાની નીચે આમ ચાલતું હોય કૂતરું, અને જરાક આમ અડે ઠાંઠાને, હં.. હું ચલાવું છું. એમાં એને ખંજવાંળ આવી પગમાં તો ઊભી ગયો. કૂતરો ઊભી ગયો. ગાડું ચાલવા માંડયું. આ શું? આ શું? ગાડું તો મારાથી જ ચાલતું હતું અને હું તો ઊભો છું તો પણ ચાલવા માંડયું? આહાહા! ભેદજ્ઞાન થઇ ગયું, કર્તાબુદ્ધિ છૂટી અને કૂતરાને સમ્યગ્દર્શન ત્યાં થઇ ગયું. આહાહા! થાય, કૂતરાને ન થાય? સંજ્ઞી પંચેન્દ્રિય જીવ છે. આગમ કહે છે, પોકાર કરે છે. ચારે ગતિના જીવોમાં સંજ્ઞી પંચેન્દ્રિય હોય એને આત્માનુભવ થઇ શકે છે.

આ કારખાનું મારાથી ચાલે છે. આ આશિષ બેઠો. આહાહા! તારાથી કાંઇ કારખાનું ચાલતું નથી. પ્રભુ! પાછો વળ-પાછો વળ, કર્તાબુદ્ધિથી પાછો વળ અને જ્ઞાતાના પક્ષમાં આવી જા. એ

જ્ઞાતના પક્ષમાં આવશે તો જ્ઞાતાના દર્શન થશે. પણ કર્તાના પક્ષમાં રોકાણો છે એને જ્ઞાતાના-ભગવાનના દર્શન થશે નહીં. એને સમ્યગ્દર્શન નહીં થાય ઊંચેથી નીચે પટકાય તો પણ. આહાહા! ઘણાં દાન આપે અને ઘણાં મંદિર બંધાવે, વ્રત કરે, તપ કરે કર્તાબુદ્ધિથી. આહાહા! એનો કર્તા તું તો નથી રાગનો, પણ હવે બીજો પાઠ.

કે સાહેબ! રાગનો કર્તા નથી કે થવા યોગ્ય બધું થાય છે. કાં પુણ્યથી થાય છે અને કાં થવાયોગ્ય થાય છે પણ હું કર્તા નથી. પણ એ જ્યારે આવે છે (ત્યારે) એનો હું જ્ઞાતા છું. પૈસો આવે અને જાય એનો જ્ઞાતા છું અને જે શુભાશુભભાવ થાય એનો પણ હું કર્તા નથી. હું તો એનો જ્ઞાતા છું. એ બીજી ભૂલ! પ્રફુલભાઇને એમ લાગ્યું કે જ્ઞાતા છું એ વાત તો સારી લાગે છે એને. હોય પહેલા પ્રથમ, કર્તા નથી તો જ્ઞાતા કહે, જ્ઞાની પણ કહે, એમાં શું? હા! પણ તું તેનો જ્ઞાતા નથી. કર્તા તો નથી, આહાહા! પણ એનો જ્ઞાતા નથી. એને જાણનાર જ્ઞાન જુદું અને આત્માને જાણનાર જ્ઞાન જુદું. બે જ્ઞાન અંદરમાં, જ્ઞાનની પર્યાય એક અને ભાગલા બે રહેલા છે અંદરમાં. આહાહા!

એ વાત આપણે અહીંયા સૂક્ષ્મ, પર્યુષણ પર્વાધિરાજના દિવસો છે ને? એટલે રાગનું કરવાપણું તો છોડી દે તું. એ તો થવાયોગ્ય થાય છે. એનો કર્તા આત્મા નથી. ત્રણ કાળમાં નથી. અશક્ય છે. એવો પાઠ છે સમયસારમાં. કે રાગને કરવાની શક્તિ કોઇ ગુણ આત્મામાં નથી કે રાગને ઉત્પન્ન કરે. રાગને ઉત્પન્ન કરે એવી શક્તિ આત્મામાં નથી.

જે ભાવે તીર્થંકર કર્મની પ્રકૃતિનો બંધ થાય એમાં નિમિત્ત સમ્યગ્દૃષ્ટિનો શુભભાવ થાય છે. માત્ર શુભભાવ થાય છે. એ શુભભાવનો કર્તા સમ્યગ્દૃષ્ટિનો ધર્માત્મા છે નહીં. આહાહા! એ કરવું આત્માના સ્વભાવમાં નથી. એવો કોઇ ગુણ નથી આત્મામાં કે રાગને ઉત્પન્ન કરે. રાગની રચના કરે, શુભાશુભને કરે અને દુ:ખને ભોગવે એવો આત્માનો સ્વભાવ નથી. તેં વાત સાંભળી નથી માટે નથી? તેં વાત સાંભળી નથી સંતો પાસેથી, એટલે શું નથી? વસ્તુ નહીં ફરે, તારે ફરવું પડશે ગુરુદેવ કહેતા હતા. હવે કર્તાબુદ્ધિ તો છોડ, તું હવે.

અને કદાચિત્ કર્તાબુદ્ધિ મંદ પડી ગઇ હોય તો એ બીજું એક ફસામણું છે. મોહરાજા એ ફસામણું મૂક્યું, મોહરાજાએ. (મોહરાજા કહે છે) કે કદાચિત્ માનો કે તને સોનગઢના સંત મળી જાય અને કર્તાબુદ્ધિ તું છોડી દઇશ તો એમ કાંઇ હું મારા સકંજામાંથી તું છૂટી જાય એમ છે નહીં. આહાહા! બીજો તને પકડી રાખે એવો પોલીસ મૂક્યો છે. આહાહા! તને છૂટવા નહીં દયે સંસારમાંથી. મારી વસ્તી ઘટી જાય, મોહરાજા કહે, મારી વસ્તી ઘટી જાય માટે કદાચિત્ તું કર્તા નથી, અકર્તા છું, જ્ઞાતા છું, જ્ઞાતા છું, પુણ્ય-પાપનો જ્ઞાતા, વિશ્વનો જ્ઞાતા, છ દ્રવ્યનો જ્ઞાતા, નવ તત્ત્વનો જ્ઞાતા. આહાહા! મોહરાજા કહે આમાંથી છટકવાની મુશ્કેલી થશે તને. આહાહા! કોઇ વિરલો છટકશે. છટકે તો છે, છટકીને ઘણાં પરમાત્મા પણ થઇ ગયા. છસો આઠ જીવ દર છ મહિને અને આઠ સમયે જાય છે.

બે હજાર વર્ષ થયા કુંદકુંદ ભગવાનને. પાંત્રીસ લાખ જીવ સિદ્ધ પરમાત્મા થઇ ગયા બે હજાર વર્ષમાં. એના ગુણાકાર કરતાં કોઇ પચ્ચીસ લાખ કહે, કોઇ પાંત્રીસ લાખ કહે, આપણે તો જે હોય તે. સિદ્ધ થઇ ગયા હોં! આ બે હજાર વર્ષમાં. અરે આ પાંત્રીસ લાખ સિદ્ધ થઇ ગયાં અને તું રહી ગયો

તો તને હવે દાનત ચડતી નથી? આહાહા! પણ વીર્ય શક્તિ એવી બિડાઇ ગઈ છે કર્તાબુદ્ધિ અને જ્ઞાતાબુદ્ધિમાં. એના વીર્યની સ્ફુરણા અંદરમાં થતી નથી. આહાહા! કે શુભાશુભનો કર્તા નથી. કર્તાપણું ગયું પણ હું જ્ઞાતા તો એનો છું ને? શાસ્ત્રમાં આવે છે. જ્ઞાની પણ કર્તા નથી પણ જ્ઞાની પણ વ્યવહારનયે જાણેલો પ્રયોજનવાન છે, અમે વાંચ્યું છે. સમજી ગયા? એ મોહરાજા બોલે છે, આત્મા નથી બોલતો. કોણ બોલે છે એ?

મુમુક્ષુઃ- મોહરાજા.

ઉત્તરઃ- હું જ્ઞાતા છું વિશ્વનો. એ આત્મા બોલે નહીં, આત્મા એમ જાણે પણ નહીં. એ મોહરાજા, અજ્ઞાન, એ બોલે છે (કે) હું એનો જાણનારો છું. (એ) અજ્ઞાન છે તારું આહાહા! તું જ્ઞાતા પણ નથી એનો. આ સૂક્ષ્મ વાત છે. બીજો બોલ છે ને? એ જરા સૂક્ષ્મ છે. આ દશ ગાથા એટલા માટે લીધી. આહાહા!

હવે પચાસ વર્ષ થઇ ગયા ગુરુદેવને. હવે તો સૂક્ષ્મ (કહેવું), ક્યાં સુધી સ્થૂળ-સ્થૂળ કહેવું? કાલે એક બેન આવ્યા હતા ઘરે, આહાહા! ભાઇ! હવે તો આ સૂક્ષ્મ વાત જ અમારે સાંભળવી છે. સ્થૂળ વાત હવે સાંભળવી નથી. વાત સાચી છે બેન! આહાહા! એ ત્રીજો શ્લોક (ગાથા) ચાલે છે. ચાલ્યો હતો, પણ ફરીને.

**અશુભ અથવા શુભ શબ્દ** એક કર્તાપણાનું ભૂતડું અને એક જ્ઞાતાપણાનું ભૂતડું. બે ભૂત વળગ્યા છે. ધ્યાનાવિષ્ટ અને ભૂતાવિષ્ટ આવે છે ને શાસ્ત્રમાં? આહાહા! **અશુભ અથવા શુભ શબ્દ**, શબ્દ પુદ્ગલની પર્યાય છે. શબ્દ એ સ્કંધની પર્યાય છે. **અશુભ અથવા શુભ શબ્દ તને એમ નથી કહેતો**, શબ્દ નીકળે છે બહારમાં, કોઇ તારા સગાવહાલા, કોઇ મિત્ર, આહાહા! કોઇ તારી ટીકા કરનારા દુશ્મન ગમે તેવા શબ્દ બોલે. આહાહા! હું શબ્દ સાંભળતો જ નથી ને! આહાહા! તેથી મને તો સમતા વર્તે છે. હું શબ્દ સાંભળું અને મને શબ્દ કહ્યો, એમ શબ્દનો હું સ્વામી થાઉં, તો તો મને રાગ-દ્વેષ થઇ આવે. પણ હું સાંભળતો જ નથી. ત્યારે સાંભળે છે કોણ? અમને સાંભળનારો બતાવો. તો હું સાંભળનાર નથી, અહીંયાં આવી જાવ. સમજાય છે?

રાગનો કર્તા આત્મા નથી, ત્યારે શિષ્યે પ્રશ્ન કર્યો કે રાગનો કર્તા કોઇ બતાવો. તો હું અકર્તામાં આવી જાઉં, સ્વીકાર કરી લઉં. ત્યારે આચાર્ય ભગવાન કહે છે કે રાગનો કર્તા પર્યાય છે. બતાવું છું. હવે તો તું અકર્તાનો સ્વીકાર કરી લે. પરિણામનો કર્તા પરિણામ છે. એના ષટ્કારકથી સ્વ અવસરે થાય છે. આત્મા એનો કર્તા (નથી). ક્રિયાના કારક-ષટ્કારક એ પર્યાયના પર્યાયમાં તત્ સમયમાં છે. કર્તા પણ પર્યાય, કર્મ પણ પર્યાય, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ, બધું ષટ્કારક અભેદપણે એક પર્યાયમાં છે. અભેદપણે એક પર્યાયમાં છે. ભેદથી સમજાવે છે આને કર્તા કહેવાય અને આને (કર્મ કહેવાય). પર્યાયમાં કર્તા-કર્મના છ ભેદ છે. અભેદથી તો ભેદ દેખાતો નથી. અભેદથી તો એમાં પણ છ ભેદ દેખાતા નથી.

આ તો પર્યુષણ દિવસો છે ને? પર્યુષણ એટલે ઉપાસના કરવી આત્માની આરાધના કરવી. એનું નામ પર્યુષણ કહેવામાં આવે છે. આહાહા! આ દશ જ દિવસ આરાધના કરવી? બાકી વિરાધના કરવી? એમ ન હોય. આરાધના કરવાની હોય. અને અમુક ઉંમરે તો પછી, સમજાઇ ગયું?

બધા મોટી ઉંમરના છે ને? આ પણ મોટી ઉંમરના છે, દેખાય નાની ઉંમર પણ મોટી ઉંમરના, અડસઠ વર્ષની ઉંમર. આહાહા! ભાઇને પાંસઠ-સિત્તેર હશે?, (મુમુક્ષુ:- અઠ્ઠાવન) અઠ્ઠાવન બોલો! નાના છે. આહાહા! નાના નથી, મોટા થઇ જાય જલદી. કામ કરો. આહાહા! આત્માને ઓળખો, બસ! જે આત્માને ઓળખે છે, જાણે છે, અનુભવે છે, અલ્પકાળમાં આ ચાર ગતિના દુ:ખ મટી જાય છે. શું કહે છે? પરમાત્માની વાણી છે આ હોં! સીમંધર પ્રભુની વાણી. આહાહા!

**સીમંધરપ્રભુ મુખથી ફૂલડા ખરે,**
**એની કુંદકુંદ** (કુંદકુંદ ભગવાન) **ગૂંથે માળ રે**!

આહાહા! માળા ગૂંથણી કરી છે સમયસારમાં ભરી દીધી છે બધી વાણી.આહાહા!

એ **શબ્દ તને એમ કહેતો નથી કે 'તું મને સાંભળ';** આહાહા! ત્યારે પ્રશ્ન થાય શિષ્યને કે જેમ રાગનો કર્તા નથી અને આત્માા અકર્તા છે, તો બતાવો રાગનો કર્તા કોણ છે? તો સાધક કહે છે કે રાગનો કર્તા પર્યાય છે, તું કર્તા નથી. તો અકર્તામાં આવી ગયો. હવે, આ શબ્દને હું સાંભળું છું, એને જાણું છું, તો અચાર્ય ભગવાન કહે છે કે **શબ્દ તને કહેતો નથી કે 'તું મને સાંભળ'; અને આત્મા પણ** પોતાને જાણવાનું છોડી અને એને જાણવા જતો નથી.

નહીં, આત્મા જાણતો નથી આ શબ્દને? શું વાત કરો છો? આ તો તદ્દન અપૂર્વ અને નવી વાત લાગે છે મને. કે આ નવી જ છે. આ વાત તો છે તો જૂની અનાદિની, પણ તારા કાને આવી નથી માટે તને નવી લાગે છે. એ વાત પણ સાચી છે. કામ-ભોગ-બંધનની કથા સાંભળી, પણ એકત્વ-વિભક્ત આત્માની વાત તેં સાંભળી નથી. આ શબ્દને સાંભળતો નથી આત્મા. આહાહા! આ ભણેલાને તો લાગે કે આ શું વાત કરે છે? ઓર્થોડોક્સ (orthodox)? શું કહેવાય?

મુમુક્ષુ:- ઓર્થોડોક્સ? રૂઢિચુસ્ત.

ઉત્તર:- રૂઢિચુસ્ત લાગે છે બધાને. ભાઇ! આ વાત અપૂર્વ છે. કાને પડી નથી. તને બેસતી નથી. તું જિનેન્દ્ર ભગવાનની વાણીનો વિરોધ કરીશ માં, ના પાડીશ માં. અને સમજ્યા વિના હા પણ પાડીશ માં, સમજીને હા પાડજે. શબ્દને આત્મા સાંભળતો નથી. શબ્દ કહેતો નથી કે મને સાંભળ. અને આત્મા પોતાને જાણવાનું છોડી અને એને જાણવા જતો નથી.

ત્યારે શિષ્યનો પ્રશ્ન થયો કે પ્રભુ! એ શબ્દને આત્મા સાંભળતો નથી, તો મારા કાન ઉપર શબ્દ તો આવ્યો, તો હું સાંભળતો નથી, તો કોઇ સાંભળનારો બતાવો તમે? તો હું સાંભળતો નથી પણ જાણનારને જાણું છું એમાં આવી જઇશ. પણ કોઇ બતાવો તો ખરા? આચાર્ય ભગવાન કહે છે ભગવાન! તું શબ્દને સાંભળતો નથી. ત્યારે શિષ્ય પ્રશ્ન કરે છે કે આ દેશનાલબ્ધિની ગુરુદેવની વાણી ધોમ છૂટી પિસ્તાળીશ વર્ષ, એ વાણીને આત્માએ સાંભળી નથી. ત્યારે દિવ્યધ્વનિ છૂટે છે ને? એને આત્મા સાંભળતો નથી આહાહા!

એ ગુરુદેવે શરૂઆતમાં જ્યારે એવો એટમ બોમ્બ (atom bomb) મૂક્યો, હલ-હલબલ થઇ જાયને? હલબલ, હજમજ આખા જગતમાં, આહાહા! કે પેટ્રોલથી મોટર ચાલતી નથી. ત્યાંથી ધડાકો કર્યો, આહાહા! પેટ્રોલથી મોટર ચાલતી નથી અને કુંભારથી ઘડો થતો નથી. આવું કહેનારો કોક લાગે છે, વિચિક્ષણ. આપણે એની પાસે જાવું જોઇએ. આ કોઇ ગાંડો માણસની વાત નથી. એમ

કરીને જ્યાં સમજવા આવે ત્યાં એના થઇ જાય. આહાહા! એ બધા ન્યાયથી, લોજીકથી, યુક્તિથી સમજાવતા હતા. અમે કહીએ છીએ માટે તું ન માન. કે આજ સુધી કુંભારથી કોઇ ઘડો થયો નથી. આજ સુધી પેટ્રોલથી મોટર ચાલતી નથી. અને આજ સુધી હરકિશનભાઇએ કાપડના બે કટકા કર્યા નથી. આ બેઠા. ઘરાક આવે કે બે વાર-મીટર આપજો. કે કાપે કે નહીં? આહાહા! કે એક દ્રવ્ય બીજા દ્રવ્યના પરિણામનો કર્તા ત્રણ કાળમાં થઇ શકતો નથી. અશક્ય છે. તારી બુદ્ધિ મિથ્યા થઇ ગઇ છે.

તો સાહેબ! હવે કરતો ન હોય તો કાંઇ નહીં પણ થાય એને જાણું તો ખરોને? કટકા થાય કાપડના. મોટર ચાલે, ચલાવું નહીં. પણ ચાલતી મોટર સ્વયં ચાલે, એમ. હું ચલાવતો નથી. ચાલતી મોટર સ્વયં ચાલે છે, એમ હું જાણું છું. એ તારું અજ્ઞાન છે. અરે! આહાહા! આ શું વાત કરો છો? આ અપૂર્વ વાત આમાં આવી છે. આવવાની છે હમણાં.

કે શબ્દને **'તું સાંભળતો નથી'**. ત્યારે શિષ્યે પ્રશ્ન કર્યો કે શબ્દ છૂટે છે એ વાત સાચી? કે હા! સાચી. એને કોઇ સાંભળનાર છે, એ વાતનો આપ સ્વીકાર કરો છો? કે હા. સ્વીકાર કરીએ છીએ. ત્યારે આત્મા એને સાંભળે છે, એ આવી ગયું. તમે કહો છો કોઇ સાંભળનાર તો છે. તો જેનામાં જ્ઞાન હોય એ સાંભળેને? આ (લાકડું) કાંઇ થોડું સાંભળે, શબ્દને? શિષ્યનો પ્રશ્ન છે. કે તારો પ્રશ્ન તો સારો છે. તારા પ્રશ્નનો કોઇ વાંધો નથી. પણ સાંભળ, કોણ એને સાંભળે છે? એક ઇન્દ્રિયજ્ઞાન પરાવલંબી, એ જ્ઞાન પ્રગટ થાય છે, અનાદિનું અજ્ઞાન, ઇન્દ્રિયજ્ઞાન ઈઝ ઈકવલ ટુ (=) અજ્ઞાન. એ એને સાંભળે છે. આત્મા એ સાંભળતો નથી અને આત્માનું જ્ઞાન પણ એને સાંભળતું નથી.

આત્મા કાન વગરનો છે માટે એ કાન વડે સાંભળતો નથી. આત્મામાં કાન છે? (મુમુક્ષુઃ- નહીં) આહાહા! કાન તો સંયોગરૂપે એ તો પુદ્ગલ છે એ તો. એ આત્માની ચીજ હોય તો સિદ્ધમાં પણ કાન રહેવો જોઇએ. પણ કાનનો તો અભાવ થઇ જાય છે. એ તો પુદ્ગલની પર્યાય છે. કાન વડે સાંભળતો નથી. ઠીક પ્રભુ! કાન વડે ન સાંભળતો હોય તો કાંઇ નહીં, પણ અજ્ઞાની પાસે જ્ઞાનનો ઉઘાડ છે ને? એના વડે સાંભળે? કે ક્ષયોપશમ ભાવનો એમાં અભાવ છે તેથી ભાવેન્દ્રિય વડે પણ, કર્ણેન્દ્રિય વડે પણ એ શબ્દને સાંભળતો નથી.

ત્યારે ચોવીસ કલાક કરે શું એ? કે જ્ઞાન દ્વારા આત્માને જાણ્યા કરે છે. આત્મા-આત્માને જાણવારૂપે જ પરિણમે છે, આબાળ ગોપાળ સહુને ભગવાન આત્મા જ જણાયા કરે છે. શબ્દને સાંભળતો નથી. શબ્દને સાંભળવાના કાનનો અભાવ અને શબ્દને જે ગ્રહણ કરે છે, ઇન્દ્રિયજ્ઞાન, ભાવઇન્દ્રિય, ગ્રહણ કરે છે એટલે એને જાણે છે. ભાવેન્દ્રિયનો જે ઉઘાડ છે ને અહીંયા, અહીંનો (કાનનો) એ એને સાંભળે છે, પણ હું એને જાણતો નથી. તને બતાવ્યો સાંભળનાર. એને જાણનાર તને બતાવી દીધો કે ભાવેન્દ્રિય એને જાણે છે. પણ ભાવેન્દ્રિય વડે આત્માને શબ્દનું જ્ઞાન થતું નથી. આત્માનું જ્ઞાન છોડે તો શબ્દનું જ્ઞાન થાય. પણ આત્મા તો આત્માનું જાણવાનું કદી છોડતો નથી. આહાહા! અપૂર્વ ચીજ છે.

ઉપયોગ લક્ષણ છે, એ લક્ષણમાં નિરંતર આત્મા જણાયા કરે છે. જો એ ઉપયોગ આત્માને જાણવાનું છોડી દે તો-તો આત્મા અજીવપણાને પામે. અજીવ તો થતો નથી. અને ઇન્દ્રિયજ્ઞાન અનાદિનું અજ્ઞાનથી ઉત્પન્ન થયેલું ભાવ છે, એ શબ્દને જાણે તો જાણો પણ હું શબ્દને જાણતો નથી.

શબ્દથી ભિન્ન, શબ્દને જાણનાર ભાવેન્દ્રિયથી પણ ભિન્ન, હું તો અતીન્દ્રિય જ્ઞાનમય આત્મા છું. મારા ઉપયોગ વડે મારા આત્માને જાણું છું. આહાહા! ઇન્દ્રિયજ્ઞાનને જાણતો નથી અને ઇન્દ્રિયજ્ઞાનના વિષયને પણ જાણતો નથી.

આ શું? ક્યાંની વાત કરો છો? સિદ્ધ અવસ્થાની વાત કરો છો કે અરિહંતદશા થાય એની વાત કરો છો? આહાહા! એને ભાવેન્દ્રિયનો અભાવ છે, અરિહંતને. એ તો બરાબર જ છે. પણ અહીંયાં તો ભાવેન્દ્રિયનો સદ્ભાવ છે. પણ ભાવેન્દ્રિય એને જાણે છે ને? ભાવેન્દ્રિય અને અતીન્દ્રિયજ્ઞાનમય આત્મા, બે વચ્ચે અત્યંત અભાવ છે. આહાહા! ભાવેન્દ્રિય જાણે તો જાણો. એના ઉપર છોડી દે ને, ભાવેન્દ્રિય ઉપર. જ્ઞાનને કહે ને તું, કે હું તો મને જાણ્યા કરું છું. આહાહા!

હું મને જાણવાનું છોડી અને ભાવેન્દ્રિયના ખંડજ્ઞાન વડે હું શબ્દને જાણવા જતો નથી, એટલે જાણતો જ નથી. અને એમ માને કે હું મારા જ્ઞાન વડે શબ્દને જાણું છું, એ ભાવેન્દ્રિય અને આત્માને એક કર્યો. આખા વિશ્વની એકતા થઇ ગઇ! આહાહા! શબ્દની સાથે એકતા થઇ ગઇ. કાનની સાથે એકતા, શબ્દની સાથે એકતા અને ભાવેન્દ્રિયની સાથે એકત્વબુધ્ધિ કરીને બેઠો છે. આ વિભક્ત કરવાનો પાઠ છે. આહાહા! એ કહે છે કે શબ્દ કહેતો નથી કે '**તું મને સાંભળ**'. મફતનો તું હાથે કરીને દુ:ખી થાય છે, પ્રભુ !

મુમુક્ષુ:- પંચકલ્યાણક વખતે આપના પ્રવચનમાં હતું.

ઉત્તર:- હતું ને ત્યાં? હા, એ તો આવે, ભેદજ્ઞાન તો આવ્યા જ કરે. બે જ વાત છે. કર્તાબુધ્ધિ છોડ અને જ્ઞાતાબુધ્ધિ છોડ. પણ કર્તાબુધ્ધિનું વિશેષ ચાલે છે જનરલ સમાજમાં, પણ જ્ઞાતાબુધ્ધિ છોડવાના પાઠ છે ઓછા, શાસ્ત્રમાં પણ ઓછું છે. પણ છે ખરું. આહાહા!

**તને એમ કહેતો નથી કે 'તું મને સાંભળ'.** અને, ઓલી સાઇડથી વાત કરી. હવે આ સાઇડથી વાત કરે છે, આચાર્ય મહારાજ. **અને આત્મા પણ**, આ બધા આત્માની વાત ચાલે છે, અરિહંત-સિધ્ધની વાત નથી. બધા આત્માનો સ્વભાવ આત્માને જાણવાનો છે અને પરને જાણવાનો નથી, નથી અને નથી. ત્યારે કોણ પરને જાણે છે? કે એ બીજું જ્ઞાન, બીજો બીજાને જાણે છે. હું મને જાણું છું. બીજો (બીજાને જાણે છે). બે ભાગલા પાડી નાખ ને, અતીન્દ્રિયજ્ઞાન અને ઇન્દ્રિયજ્ઞાન વચ્ચેમાં. અરે! કામ તારું થઇ જશે.

ઇન્દ્રિયજ્ઞાનમાં અહમ્ બુધ્ધિ કરી છે, કર્તાબુધ્ધિ કરી છે. કાં રાગ મારું અને કાં જ્ઞાન મારું. આહાહા! એ જ્ઞાન નથી પણ જ્ઞેય છે. મોહરાજાએ એનું નામ કહ્યું જ્ઞાન અને સર્વજ્ઞ ભગવાને એનું નામ કહ્યું જ્ઞેય. આહાહા! તે જ્ઞેયને જ્ઞાન માનવું એ અજ્ઞાન છે. જ્ઞેયને જ્ઞાન માનવું તે અજ્ઞાન છે. અને જ્ઞાનને જ્ઞાન જાણવું એ સમ્યગ્જ્ઞાન છે. આહાહા! સારા દિવસ છે ને આ?

મુમુક્ષુ:- ફૂલ સીઝન છે.

ઉત્તર:- લગનના દિવસો છે ને આ તો? 'શિવરમણી રમનાર તું હી દેવનો દેવ'. આહાહા! બધાને ધર્મ કરવો છે ને? આ ધર્મની વાર્તા ચાલે છે. આહાહા! હું પરને જાણું છું એ કર્મ છે, ધરમ નથી.

મુમુક્ષુ:- અપૂર્વ રીતે આવી ગયું છે.

ઉત્તર:- અપૂર્વ. ભેદજ્ઞાન, ઇન્દ્રિયજ્ઞાન અને આત્મજ્ઞાન વચ્ચે ભેદજ્ઞાન ચાલે છે.

મુમુક્ષુ:- અખંડ?

ઉત્તર:- બરાબર અખંડ. **અને આત્મા પણ**, ઓલો તો કહેતો નથી કે તું મને જાણ. **અને આત્મા પણ**, અહીંથી લીધું હવે. ઓલા નિમિત્તથી વાત કરી. પછી ઉપાદાનથી વાત કરે છે. કે ઉપાદાનમાં શું શકિત છે? કે ઉપાદાનમાં પરને જાણવાની શક્તિ નથી? કે નથી. ત્યારે ઉપાદાનમાં શું શક્તિ છે? આત્માને જાણવાની શક્તિ છે, પરને જાણવાની શક્તિ નથી. રાગને કરવાની શક્તિ નથી એમ પરને જાણવાની શક્તિ આત્મામાં નથી. પછી આવી જા અંદર. આહાહા!

ત્યારે વ્યવહારે જાણે છે-વ્યવહારે જાણે છે-વ્યવહારે જાણે છે, એ તો ઘણું આવશે. એટલે શું? વ્યવહારે જાણે છે, એટલે? કોણ જાણે છે? સ્પષ્ટીકરણ કરો. કોથળામાં પાંચ શેરી ન ચાલે હવે. કોથળામાં પાંચ શેરી રુ, બનાવ બન્યો. એક ભાઇને એમ જરા વેરઝેર હશે, એ ખાલી કોથળામાં એક પાંચશેરી નાખી. પાંચશેરી એટલે? વજન ઓલું લોખંડનું. જોખવાનું હોય ને? આહાહા! અનાજનું જોખવાનું તોલું-તોલું. નાખ્યું ને મંડયો મારવા. ઓલો રાડું પાડવા મંડયો કે મારે, મને મારે છે, મારે છે. આજુબાજુવાળા હવે શું કામ મશ્કરી કરશ? ઇ તો બિચારો કોથળો તને મારે છે, એમાં ક્યાં તને લાગ્યું છે પણ? અરે ભાઇ! રહેવા દયો. તમે જુવો તો ખરા, કોથળામાં છે. કે કોઈ ડાહ્યો માણસ હશે કે રાડયું પાડે છે. જોઇએ તો ખરા કે કોથળામાં કાંઇ છે? અને ખોલ્યો તો પાંચશેરી. વાંસો ભાંગી ગયો મારો, અહાહા! ભાઈ!

એમ, આત્મા પરને જાણે છે, જાણેલો પ્રયોજનવાન, જાણેલો પ્રયોજનવાન. કોણ જાણે છે, પણ? ઇ તો કર નક્કી. આત્મજ્ઞાન જાણે છે કે ઇન્દ્રિયજ્ઞાન જાણે છે?

મુમુક્ષુ:- ઇન્દ્રિયજ્ઞાન જાણે છે.

ઉત્તર:- અહાહા! પરસન્મુખ જ્ઞાન થયેલું પરને જાણે છે કે સ્વસન્મુખ થયેલું જ્ઞાન પરને જાણે છે? સ્વસન્મુખ જ્ઞાન સ્વને જાણે અને પરસન્મુખ જ્ઞાન (પરને જાણે). બે ભાગલા છે જુઓ. આહાહા! કોક હોયને ઝીલાનારા તો (હોય જ) આહાહા! કહે છે પ્રભુ! આ વાત અપૂર્વ છે. ભાવ આવી ગયો છે, સમયસાર પૂરું થતાં-થતાં, ૩૮૨ ગાથા, આહાહા! ૪૧૫ એ તો પૂરું થાય છે. પણ એક વાત રહી જતી હતી, એના ખ્યાલમાં આવી કે ઇન્દ્રિયજ્ઞાનને જ્ઞાન માને છે, જગત જ્ઞેયને જ્ઞાન માને છે. આહાહા! તેથી જ્ઞાનનો ઉદય થતું નથી, ઉદય એટલે પ્રગટ થતું નથી, અસ્ત રહ્યા કરે છે. ઇન્દ્રિયજ્ઞાનને જ્ઞાન માને ત્યાં સુધી આત્મજ્ઞાન ઉદય ન થાય. આહાહા!

પુણ્યથી ધર્મ થાય અને રાગને કરવું એ તો હવે સ્થૂળમાં ગયું. આ તો સૂક્ષ્મ ચાલે છે. ત્યાં વાત થઇ બેનને આજે, મેં કહ્યું કે આપણે હવે સૂક્ષ્મ લેવું છે. એ ઉંમર થઇ ગઇ, ક્યારે જવાય, ન જવાય. અત્યારે-અત્યારે આ જાઇએ છીએ તો આ દશ ગાથા લઇ લઇએ. આહાહા!

કે પ્રભુ! બહિર્મુખ જ્ઞાન પરને જાણે છે. અંતર્મુખ જ્ઞાન આત્માને જાણે છે. બે ભાગલા છે! આહાહા! **ભિન્ન-ભિન્ન જ્ઞાનોથી ઉપલબ્ધ હોવાને કારણે શરીર અને આત્માનો સદા પરસ્પર ભેદ છે** (શ્રી યોગસાર, શ્રી અમિતગતિ આચાર્ય, ચૂલીકા અધિકાર, ગાથા-૭૬). અને ઇન્દ્રિયજ્ઞાન શરીર આદિને જાણે છે અને સ્વસંવેદન જ્ઞાન આત્માને જાણે છે. બે ભાગ છે, ઇન્દ્રિયજ્ઞાન તે જ્ઞાન નથી, ઇન્દ્રિયજ્ઞાન જ્ઞેય છે, હેય છે. આકુળતાને ઉત્પન્ન કરનારું છે. કર્મબંધનું કાર્ય છે અને કર્મબંધનું કારણ છે. પૌદ્ગલિક છે,

આત્મીય નથી. આહાહા! આ બધા શાસ્ત્રોમાં પાઠ છે. હોં! આહાહા! મોટી ભ્રાંતિ થઇ ગઇ.

મોક્ષમાર્ગપ્રકાશકની રચના કરી ટોડરમલજી સાહેબે, ત્યારે એક વખત પોતે ફરમાવે છે કે દ્રવ્યલિંગી મુની, દિગંબરનો મુની! આહાહા! રાજપાટ છોડી જંગલમાં અઠયાવીસ મૂળગુણ નિરતિચારપણે પાળે છે. અને કેવળ આત્મહિત માટે નીકળ્યો છે. બીજી કોઇ આકાંક્ષા નથી. હવે સમ્યક્જ્ઞાન પ્રગટ કેમ થાય એના માટે પોતે અભ્યાસ કરે છે. અભ્યાસ કરતાં-કરતાં સમ્યક્જ્ઞાન અર્થે અભ્યાસ કરતાં-કરતાં અહીં સુધી આવ્યો. કે છ દ્રવ્યને જે જાણનાર છે ને તે હું છું. છ દ્રવ્યને જે જાણે તે જ્ઞાન મારું છે. ટોડરમલ સાહેબ લખે છે કે આ દ્રવ્યલિંગીની ભૂલ છે. હવે દ્રવ્યલિંગી મુની ભૂલે એમાં સાધારણ જીવ તો ભૂલી જ જાય. પણ સાધારણ જીવ પામી જાય અને દ્રવ્યલિંગી મુની રહી જાય.

સ્વતંત્ર છે બધા આત્મા. એમાં શું છે? આહાહા! પણ દ્રવ્યલિંગી મુનીએ શું વિશેષ કર્યું, મને તો કોઇ ખબર પડતી નથી. શું વિશેષ કર્યું? કાંઇ કર્યું નથી. જ્યાં છે ત્યાં છે. પંચ પરાવર્તનની મધ્યમાં રહેલો છે ઇ. મિથ્યાત્વને સેવે છે, આત્માને સેવતો નથી. એક સમય જ્ઞાનને સેવતો નથી. નહીંતર તો ભાવલિંગી થઇ જાય. આહાહા! ત્રંબકભાઇ! ડોલે છે પછવાડે હો! ત્રંબકભાઇ ડોલે છે, આમ-આમ કરે છે પગમાં, ખુશી થાય છે. આ તો ખુશીના દિવસો છે ને? આ કાંઇ રોવાના દિવસો નથી. એ રોવાના દિવસો ગયા, હવે સુખીના દિવસો આવ્યા છે. ખુશી થા, ખુશી થા, તારા આત્માની વાત સંતો તને સંભળાવે છે. છૂટવાની વાત તને સંભળાવે છે.

ભાવબંધનો અભાવ થાય અને ભાવમોક્ષ થઇ જાય એવી વાત કરે છે. ઘડિયાળ મોડી, નહિતર (પૂરું કરત), પણ મારી ઘડિયાળ વહેલી છે એટલે બે-ત્રણ મિનિટ ચલાંવું છું. કાલે આ ગાથા પૂરી ન થઇ અને આજે પણ ન થઇ. આહાહા! અમૃતના કળશ ગાથાઓ છે. અમૃત, હોં! અમૃત ભર્યું છે એક-એક ગાથામાં. આહાહા! અજ્ઞાન અને મિથ્યાત્વનો નાશ થાય, આહાહા! એવા ઉપાયો આમાં બતાવતા ગયા છે.

**આત્મા પણ (પોતાના સ્થાનથી છૂટીને)**, એટલે પોતાને જાણવાનું છોડીને. ઉપયોગથી આત્મા અનન્ય છે એટલે ઉપયોગમાં આત્મા જણાયા કરે છે. એ ઉપયોગમાં આત્મા જાણવાને બદલે એ પરને જાણવા જાય ઉપયોગ, એ ઉપયોગનો સ્વભાવ નથી. આત્માને જાણવાનું છોડે નહીં અને પરને જાણવા જાય નહીં. આહાહા! એનું જ્ઞેય તો એક જ છે, જ્ઞાયક. ઉપયોગનું જ્ઞેય તો એકલું સામાન્ય છે. જે સામાન્યનું વિષય છે, તે જ વિશેષનું સામાન્ય છે. જે સામાન્યનો વિશેષ છે ઉપયોગ, તે જ વિશેષનું વિષય સામાન્ય છે, બીજો પદાર્થ નથી. એમ જાણીને તું જાણનારને જાણી લે અને જાણનાર જણાય છે એ પક્ષમાં આવી જા. અરે! જ્ઞાતાના પક્ષમાં આવી જઈશ તો તને જ્ઞાતાના દર્શન થશે કે હું તો જાણનાર છું ને જાણનાર જણાય છે. વખત થઈ ગયો.

મુમુક્ષુ:- (સર્વવિ)શુદ્ધજ્ઞાન.

ઉત્તર:- સર્વવિશુદ્ધજ્ઞાન છેલે, છેલી વાતો હવે કહેતા જાઈ છે. આહાહા! કુંદકુંદ ભગવાનની વાણી એટલે ખલાસ! અફર!